**પ્ર.:૧ નીચેના પાઠની પૂર્તિ કરો : (કોઈ પણ છ) (૨૪) ૫૦**

(ક) ૧) પઉમપ્પહં .......... વિમલ

જ: ૧) પઉમપ્પહં સુપાસં જિણં ચ ચંદપ્પહં વંદે સુવિહિં ચ પુષ્ફદંત સીયલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ વિમલ

૨) દંત વાણિજ્જે .......... નિલ્લંછણકમ્મે

જ: ૨) દંત વાણિજ્જે કેસવાણિજ્જે રસવાણિજ્જે લક્ખવાણિજ્જે વિસવાણિજ્જે જંતપિલણકમ્મે નિલ્લંછણકમ્મે

૩) સ્વ સંબંધી .......... પચ્ચક્ખાણ

જ: ૩) સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સઅપરાધી વિગલેન્દ્રિ વિના આકુટ્ટી હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ

૪) મુત્તાણં .......... મણંત

જ: ૪) મુત્તાણં મોયગાણં સવ્વન્નુણં સવ્વદરિસીણં સિવ મયલ મરૂય મણંત

૫) પડિગ્ગહ .......... ઓસહ

જ: ૫) પડિગ્ગહ કંબલ પાપપુચ્છેણેણં પાઢિયારરૂ પીઠ ફલગ સિજ્જા સંથારએણં ઓસહ

૬) જંકિંચિ .......... કોહાએ

જ: ૬) જંકિંચિ મિચ્છાએ મણદુક્કડાએ વયદુક્કડાએ કાય દુક્કડાઅ કોહાએ

૭) હીણકખરં .......... ઘોસહીણં

જ: ૭) હીણકખરં અચ્ચકખરં પપહીણં વિણયહીણં જોગહીણં ઘોસહીણં

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (૮)**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | વત્તિયા | – | **જવાબ :** | ધૂળ આદિથી ઢાંકયા હોય |
| ૨) | કરણયા | – | **જવાબ :** | કરેલ હોય |
| ૩) | સીયલ | – | **જવાબ :** | શ્રી શીતલનાથ સ્વામીને |
| ૪) | તાવ | – | **જવાબ :** | ત્યાં સુધી |
| ૫) | મક્ખય | – | **જવાબ :** | અક્ષય – ક્ષય રહિત |
| ૬) | પચાસયરા | – | **જવાબ :** | પ્રકાશનાં કરનાર |
| ૭) | ઉડ્ડુએણં | – | **જવાબ :** | ઓડકાર આવવાથી |
| ૮) | કરેમિ | – | **જવાબ :** | કરું છું |

**(ગ) નીચેના શબ્દોનું માગધી લખો : (કોઈ પણ છ) (૮)**

| | | | | |
|---|---|---|---|---|
| ૧) | લોકમાં દીપક સમાન | – | **જવાબ :** | લોગપઈવાણં |
| ૨) | સામા આવતાં હણયાં હોય | – | **જવાબ :** | અભિહયા |
| ૩) | સ્તુતિ કરાયેલા | – | **જવાબ :** | અભિથુઆ |
| ૪) | સ્પર્શ્યું ન હોય | – | **જવાબ :** | ન ફાસિયં |
| ૫) | આગારોથી | – | **જવાબ :** | અન્નથ |
| ૬) | વિષેષ નિર્મલ | – | **જવાબ :** | આગારેહિં |
| ૭) | ભયને જીતનારા | – | **જવાબ :** | જિયભયાણં |
| ૮) | સૂક્ષ્મપણે | – | **જવાબ :** | સુહુમેહિં |

**(ઘ) સામાયિકના દોષ લખો :** **(૩)**

૧) મનનો પાંચમો - **જવાબ :** ભય દોષ

૨) વચનનો દસમો - **જવાબ :** મુમ્મુણ દોષ

૩) કાયાનો ત્રીજો - **જવાબ :** ચલ દૃષ્ટિ દોષ

**પ્ર. : ૨ નીચેના પ્રશ્નોના જવાબ લખો :** **(૧૦) ૧૯**

**(ક)** ૧) જલચરને કેટલી ઇન્દ્રિય અને તમને કેટલી ઇન્દ્રિય હોય ?

**જ :** ૧) જલચરને પાંચ ઇન્દ્રિય અને મને પણ પાંચ ઇન્દ્રિય હોય.

૨) કાઉસગ્ગનું ફળ બતાવતા બે મુદ્દા લખો.

**જ :** ૨) ૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે. ૨) શુભધ્યાન વાળો થાય છે.

૩) આગાર એટલે શું ? તે કેટલા છે ?

**જ :** ૩) આગાર એટલે છુટ. આગાર બાર (૧૨) છે.

૪) સામાયિકમાં કયા પાઠથી તીર્થંકરની સ્તુતિ થાય છે ?

**જ :** ૪) સામાયિકમાં લોગસ્સના પાઠથી તીર્થંકરની સ્તુતિ થાય છે.

૫) ૧૮ પાપની પ્રવૃત્તિને શું કહે છે ?

**જ :** ૫) ૧૮ પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.

૬) સામાયિક કરવાથી શું લાભ થાય છે ? બે મુદ્દા લખો.

**જ :** ૬) સામાયિક કરવાથી ૧) સર્વ જીવોને અભયદાન મળે છે. ૨) સમભાવની પ્રાપ્તિ થાય છે.

૭) વ્યક્તિક્રમ એટલે શું ?

**જ :** ૭) વ્યક્તિક્રમ એટલે વ્રતની મર્યાદા તોડવાની સામગ્રી એકઠી કરવી.

૮) સામાયિકનો બીજો અને ચોથો અતિચાર લખો.

**જ :** ૮) સામાયિકનો બીજો અતિચાર વયદુપ્પણિહાણે અને ચોથો અતિચાર સામાઇયસ્સ સઇઅકરણયાએ છે.

૯) નમોત્થુણંના બીજા બે નામ કયાં છે તે લખો.

**જ :** ૯) નમોત્થુણંના નામ ૧) શક્રસ્તવ અને ૨) પ્રણિપાત સૂત્ર છે.

૧૦) કીર્તન કરવાથી શું લાભ થાય છે તે બે મુદ્દા લખો.

**જ :** ૧૦) કીર્તન કરવાથી ૧) જ્ઞાન વધે છે ૨) શ્રધ્ધા વધે છે.

**ખ) જોડી બનાવો :** **(૫)**

| | | | | **જવાબ** |
|---|---|---|---|---|
| ૧) | મહિયા | = | કાંટો | ભાવથી સ્મરણ કરવું |
| ૨) | કોટિ | = | વાણીથી સ્તુતિ કરવી | પ્રકાર |
| ૩) | શલ્ય | = | ભાવથી સ્મરણ કરવું | કાંટો |
| ૪) | કિત્તિય | = | ક્રિયાનું સાધન | વાણીથી સ્તુતિ કરવી |
| ૫) | કરણં | = | પ્રકાર | ક્રિયાનું સાધન |

**ગ) સાચું છે કે ખોટું : ખોટું હોય તો સુધારીને લખો : (૪)**

૧) માંકડને ત્રણ ઇન્દ્રિય છે. **જવાબ :** સાચું છે

૨) સામાયિકમાં ૧૮ ભાવનાનું ચિંતન કરવું જોઈએ. **જવાબ :** ખોટું છે.
સામાયિકમાં આત્મગુણોનું તથા બાર ભાવનાનું ચિંતન કરવાનું હોય છે.

૩) પાપ ૪ છે. **જવાબ :** ખોટું છે.
પાપ અઢાર છે.

૪) લોગસ્સનું બીજું નામ ઉત્કીર્તન સૂત્ર છે. **જવાબ :** સાચું છે

**પ્ર.: ૩ એક વાક્યમાં જવાબ લખો : (૧૦) ૨૦**

**ક)** ૧) નવું જ્ઞાન શીખતી વખતે પહેલાં શું કરીશું ?

**જ:** ૧) નવું જ્ઞાન શીખતી વખતે પહેલા ગુરૂનો વિનય કરીશું. ઉધમ કરીશું, મૌન રાખીશું

૨) નાશવંત કોના જેવું છે.

**જ:** ૨) નાશવંત પાણીના પરપોટા જેવું છે. સંધ્યાના રંગ જેવું છે.

૩) દુનિયામાં મારું શું છે ?

**જ:** દુનિયામાં મારું કાંઈ નથી.

૪) ધન્ના અણગાર જેવું શું કરીશ ?

**જ:** ૪) ધન્ના અણગાર જેવું તપ કરીશ.

૫) સુખ અને દુઃખ કેવું છે ?

**જ:** ૫) સુખ અને દુઃખ અનિત્ય, ક્ષણિક, નાશવંત છે.

૬) દુનિયામાં મારા આત્માને કોણ બચાવે ?

**જ:** ૬) દુનિયામાં મારા આત્માને કોઈ ના બચાવે.

૭) આત્માનો સ્વભાવ કેવો છે ?

**જ:** ૭) આત્માનો સ્વભાવ અજર – અમર છે.

૮) બધાંને મારા માનવાથી શું થાય ?

**જ:** ૮) બધાંને મારા માનવાથી રાગ – દ્વેષ થાય.

૯) દરરોજ જમતાં પહેલાં શેની ભાવના ભાવીશ ?

**જ:** ૯) દરરોજ જમતાં પહેલાં સુપાત્રદાનની ભાવના ભાવીશ.

૧૦) આત્માનું વજન છે ?

**જ:** ૧૦) આત્માનું વજન નથી.

**(ખ) નીચેના જવાબ લખો : (૩)**

૧) અભિગમનો પહેલો અને પાંચમો બોલ લખો.

**જ:** ૧) પહેલો અભિગમ – સચેતનો ત્યાગ, સચેત પાણી, કાચો લીલોતરી, મુખમાં પાન, માથામાં ફૂલ વગેરેનો ત્યાગ કરી સાધુ પાસે જવું.
પાંચમો અભિગમ – મનની એકાગ્રતા, મનની એકાગ્રતાથી વ્યાખ્યાન વાંચણી સાંભળવા અને સ્વાધ્યાય કરવો.

૨) જ્ઞાનવૃદ્ધિનો ૨, ૫, ૮મો બોલ લખો.

**જ:** ૨) જ્ઞાનવૃદ્ધિનો બીજા બોલ – ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
પાંચમો બોલ – જ્ઞાની પાસે અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.
આઠમો બોલ – શીખેલું જ્ઞાન વારંવાર ફેરવવાથી જ્ઞાન વધે છે.

**ગ) ખાલી જગ્યા પૂરો :** **(૨)**

૧) ...... જેમ બારવ્રતો પાળીશ. **જ :** આનંદ શ્રાવકની

૨) મહાન થઈને ...... કરીશું. **જ :** આત્મ ઉધ્ધાર અને જગતનું કલ્યાણ

૩) લોગસ્સનો પાઠ ...... છે. **જ :** શાશ્વત

૪) આત્માના દોષોની આલોચના એટલે ..... **જ :** નિંદામિ

**(ઘ) હું કોણ છું તે કહો :** **(૫)**

૧) મોક્ષમાં આત્માને કહેવાય ?

**જ:** ૧) મોક્ષમાં આત્માને અરૂપી અને અમર કહેવાય.

૨) સાચું શરણું આપે.

**જ:** ૨) અરિહંત, સિધ્ધ, સાધુ અને ધર્મ સાચું શરણું આપે.

૩) આના જેવી સેવા ક્યારે કરીશ ?

**જ:** ૩) નંદીષેણ જેવી સેવા ક્યારે કરીશ.

૪) શું ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે ?

**જ:** ૪) ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.

૫) આના જેવો વિનયવાન ક્યારે બનીશ ?

**જ:** ૫) ગૌતમ જેવો વિનયવાન ક્યારે બનીશ.

**પ્ર. : ૪ વાર્તાના આધારે જવાબ આપો.** **૧૦**

૧) લાડકામાં નાગ છે તે બાલ પાર્શ્વકુમારે કેવી રીતે જાણ્યું ?

**જ:** ૧) લાડકામાં નાગ છે તે બાલ પાર્શ્વકુમારે અવધિજ્ઞાન દ્વારા જાણ્યું.

૨) ચંદનવાળાનું પહેલાં નામ શું હતું ? તેની માતાનું નામ શું હતું ?

**જ:** ૨) ચંદનવાળાનું પહેલાં નામ વસુમતી હતું. તેની માતાનું નામ ધારિણી હતું.

૩) મુનિ નંદીષેણની પરીક્ષા કરવા દેવ કયું રૂપ લઈ આવ્યા ?

**જ:** ૩) મુનિ નંદીષેણની પરીક્ષા કરવા એક દેવ ઘરડા સાધુ અને બીજા રોગી સાધુનું રૂપ લઈ આવ્યા.

૪) ભોયરામાં ચંદનબાળા કેટલા દિવસ હતાં ?

**જ:** ૪) ભોયરામાં ચંદનબાળા ત્રણ દિવસ હતાં.

૫) ચંદનબાળા કેટલાં સાધ્વીનાં ગુરુણી બન્યાં ?

**જ:** ૫) ચંદનબાળા ૩૬૦૦૦ સાધ્વીનાં ગુરુણી બન્યાં.

કોણ બોલે છે ?

૧) અરે ભાઈ, તું આ શું કરે છે ? **જવાબ :** સંત મુનિરાજ બોલે છે.

૨) તમે તો મારા પર અનંતો ઉપકાર કર્યા. **જવાબ :** ચંદનબાળા બોલે છે.

૩) અરે છોકરા ! તુ કેવો બકવાટ કરે છે ? **જવાબ :** તાપસ બોલે છે.

૪) મુનિરાજ ! મારી ભૂલ માટે ક્ષમા માગું છું. **જવાબ :** નંદીષેણ મુનિ બોલે છે.

૫) મારાં કર્મ જ એવાં છે. **જવાબ :** ચંદનબાળા બોલે છે.

**પ્ર. : ૫ કાવ્યની પૂર્તિ કરો :** **૧૦**

(૧) મોક્ષ અભિલાષી ........ વિશ્વાસ છે.

**જ:** (૧) મોક્ષ અભિલાષી આ જીવડો, વિનવે તુજને આજ રે
શરણે આવ્યાં તારા અમે સહુ, તારામાં વિશ્વાસ છે.

(૨) પરમાત્મા ........ માનું છું.

**જ:** (૨) પરમાત્મા ઉપકારી, મને મંઝીલ દર્શાવી,
મારા દુર્ગુણ ના દેખ્યા, બસ કરુણા વર્ષાવી
એની આજ્ઞા ધરવામાં, હું હીણપત માનું છું.

૩) જે સુખ ........ અમે વાળવાના.

**જ:** ૩) જે સુખ પામ્યા કર્મ પ્રતાપે, ઝાઝુ ગણીને રહીશું સુખેથી
યત્ન કરીશું પણ ના ફળે તો, માંગણી કોઈના કરીશું મુખેથી
લઈ લેવાની (૨) જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે વાળવાના.

૪) અરિહંત ........ છે અપાર.

**જ:** ૪) અરિહંત દેવો સર્વ જાણે છે, રાગ – દ્વેષના જિતનાર
સિધ્ધ પરમાત્મા મોક્ષમાં બિરાજે તેમનું સુખ છે અપાર.

|| જય જિનેન્દ્ર ||